## સંક્ષિપ્ત સમાચાર

### રથયાત્રાને લઈ પાદરા પોલીસ મથકે શાંતિ સમિતિની બેઠક યોજાઈ



**પાદરા** : આગામી ૧૬ તારીખે રથયાત્રા પર્વને શાંતિપૂર્ણ, સૌહાર્દપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણમાં ઉજવવાના હેતુથી પાદરા પોલીસ મથકે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં પાદરા ઇન્ચાર્જ પી.આઈ. પ્રતિપાલસિંહ ગોહિલ, પીએસઆઈ જે.ડી.ગઢવી, રણજીત આહીર, આર.સી. ઘુમ્મડ સહીત પાદરા પોલીસ મથક ના સ્ટાફ, રામટેકરી રામજી મંદિર ના મહંત દસરથદાસજી, કારોબારી ચેરમેન સંતોષ પટેલ, મયુદ્દીન બેલીમ વકીલ, ચોકસી મહાજન મંડળ ના પ્રમુખ સૂર્યકાંત ચોકસી સહીત વિવિધ સમાજના આગેવાનો, ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, વેપારી આગેવાનો તેમજ શાંતિ સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. પોલીસ અધિકારીઓએ રથયાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, અફવાઓથી દૂર રહેવા, સોશિયલ મીડિયામાં ભ્રામક સંદેશાઓ પ્રસારિત ન કરવા તેમજ કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવા અપીલ કરી હતી. બેઠકમાં રથયાત્રાના રૂટ, સ્વયંસેવકોની કામગીરી તેમજ વિવિધ વિભાગો વચ્ચે સંકલન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

### બોડેલી નગરમાં ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાની તાડમાર તૈયારીઓ



**બોડેલી** : બોડેલી નગરમાં આગામી ૧૬ જુલાઈ ને અષાઢી સુદ બીજને ગુરુવારના રોજ ભગવાન જગન્નાથજી ની ભવ્ય રથયાત્રા નીકળવા જઈ રહી છે, જેને લઈને સમગ્ર પંથકમાં ભક્તિમય માહોલ વચ્ચે તળામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ 16 તારીખ ને અષાઢી બીજના દિવસે નીકળનાર ભગવાન જગન્નાથજીની રથયાત્રા ને અનુલક્ષીને વહીવટી તંત્ર અને સ્થાનિક સમિતિ દ્વારા સૌપ્રથમ નગરના તમામ મુખ્ય માર્ગો અને રોડ-રસ્તાઓની સઘન સાફ-સફાઈની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે, જેથી કરીને નગરજનો અને શ્રદ્ધાળુઓને કોઈપણ જાતની મુશ્કેલી નો સામનો કરવો ના પડે. આ સાથે જ નગરમાંથી પસાર થનાર ભગવાન જગન્નાથજીની રથયાત્રાના નિર્ધારિત રૂટ ઉપર વિવિધ પ્રકારના આકર્ષક રોશની અને ધ્વજ-પતાકા સહિતના સુંદર શણગાર કરીને સમગ્ર બોડેલી નગરને દુલ્હનની જેમ સજાવવાની તળામાળ તૈયારીઓ ચાલી રહી છે.

### છોટાઉદેપુર નગરમાં યોજાનારી રથયાત્રા પૂર્વે શાંતિ સમિતિની બેઠક યોજાઈ



**છોટાઉદેપુર** : છોટાઉદેપુર નગરમાં આગામી તા ૧૬ જુલાઈ ૨૦૨૬ ને નીકળનારી જગન્નાથજીની ભવ્ય રથયાત્રા ને લઈ નગરમાં ભારે ઉત્સાહ જણાઈ રહ્યો છે. રથયાત્રા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુસર આજે પોલીસ મથકે શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ટાઉન પીઆઇ એચ. એમ રબારી ની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં પોલીસ અધિકારીઓ, નગર પાલિકાના સભ્યો તેમજ હિન્દુ મુસ્લિમ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠક માં આગામી રથયાત્રાના રૂટ, ટ્રાફિક વ્યવસ્થા, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ સુરક્ષા આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં રથયાત્રા દરમિયાન કોઈપણ પ્રકારની અડચણ કે અસામાજિક પ્રવૃત્તિ ન બને તે માટે જરૂરી તકેદારી રાખવા, તેમજ પોલીસ અને આયોજકો વચ્ચે યોગ્ય સંકલન જાળવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. પોલીસ અધિકારીઓ દ્વારા રથયાત્રા દરમિયાન શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે કરવામાં આવનાર વિવિધ સુરક્ષા વ્યવસ્થાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. સાથે જ ઉપસ્થિત સભ્યો પાસેથી પણ સૂચનો લેવામાં આવ્યા હતા જેથી રથયાત્રા ઉત્સાહભેર પરંતુ શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ શકે.

### પાધરો પ્રાથમિક શાળામાં બાળ સંસદ પર્વની ઉજવણી, EVM એપથી યોજાઇ ચૂંટણી



**સાવલી** : ઉપરોક્ત વિષય બાબતે જણાવવાનુ કે વડોદરા જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત સાવલી તાલુકાની પાધરો પ્રા. શાળા માં તાઃ ૧૧/૦૭/૨૦૨૬, શનિવાર ના રોજ શાળા ક્ક્ષાએ શાળા માં બાળ સંસદ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ચુટણી અધિકારી, પ્રિસાઇડીંગ અધિકારી, પુલિગ અધિકારી વગેરે તરીકે વિધાર્થીઓ માથી નિયુક્તિ કરવામાં આવી હતી. આ ચૂટણી ની પ્રક્રિયા મોબાઇલ ની EVM એપ દ્વારા કરવામાં આવી હતી. ભારતમાં ચૂટણી લોકશાહી પધ્ધતિથી કેવી રીતે થાય છે તેની સમજ શાળાના શિક્ષિકાબેન યોગિનાબેન શાહ દ્વારા આપવામાં આવી હતી. શાળાના તમામ બાળકો દ્વારા ચૂટણીની પ્રક્રિયામાં સક્રિય ભાગ લઇને શાળાના પ્રમુખ ની વરણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ - ૪ નો વિદ્યાર્થી આર્યન દિલિપભાઇ રાઠોડ બહુમતી થી પ્રમુખ પદે જીત મેળવી હતી. ત્યાર બાદ બાકીના ક્રમાંક પર આવેલ વિદ્યાર્થીઓને અલગ અલગ સમિતિ ઓની ફાળવણી કરી કાર્યભારની વહેચણી કરવામાં આવી હતી.

### વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કાર્યક્રમ સંદર્ભે છોટાઉદેપુર ખાતે એક સામાજિક બેઠક યોજાઇ



**છોટાઉદેપુર** : છોટાઉદેપુર જિલ્લા માં વિશ્વ આદિવાસી દિવસ ની ભવ્ય રીતે ઉજવણી કરવામાં માટે છોટાઉદેપુર ખાતે એક બેઠક નુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિશ્વ આદિવાસી દિવસ ની સાપ્તાહિક કાર્યક્રમ અંતર્ગત ૨ ઓગસ્ટ ના રોજ છોટાઉદેપુર જિલ્લાના તમામ તાલુકાઓમાં મેગા બ્લડ ડોનેશન કેમ્પ આયોજિત કરી છોટાઉદેપુર જિલ્લામાં કેટલીક ઇમરજન્સી સ્થિતિ વખતે રક્ત ની સહેલાઈથી જરુરીયાત પુરી પાડી શકાય તેવા હેતુથી આ આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે ૯ ઓગસ્ટે સામાજિક રીતે સમસ્ત આદિવાસી સમાજ છોટાઉદેપુર દ્વારા વિશ્વ આદિવાસી દિવસ ની ભવ્ય રીતે ઉજવણી માટે નું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે, તે ઉપરાંત છોટાઉદેપુર જિલ્લા અને ખાસ કરીને આદિવાસી સમાજનની ભવ્ય સાંસ્કૃતિક વારસા ને ઉજાગર કરતા વર્ષો પહેલાં આયોજિત કરવામાં આવતા દશેરા ની ઉજવણી ને પણ પુનર્જીવિત કરી આદિવાસી સાંસ્કૃતિક ધરોહર ને બરકરાર રાખવા બાબતે ચર્ચા કરી તે દિશામાં યોગ્ય કાર્યવાહી કરવા નું પણ નક્કી કરવામાં આવ્યું હતું તેમ આયોજક સમિતિ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

---

વરસાદ ખેંચાતા MGVCL ના ધાંધિયાથી ખેતી સુકાઈ

## વ્યારા ફીડરપર એગ્રીકલ્ચરની લાઈન બંધ રહેતા ડાંગરની રોપણી સુકાઈ

**રજૂઆત** બાદ MGVCLની ટીમ સ્થળ પર પહોંચી, ખેડૂતોની સમસ્યા તાત્કાલિક ઉકેલવાની ખાતરી આપી



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.13

વાઘોડિયા એમજીવીસીએલ ની વ્યારા ફીડર લાઈન ડભોઈના ગામડા સુધી પહોંચતા છેલ્લા ઘણા સમયથી એગ્રીકલ્ચર લાઈન બંધ રહેતા ખેડૂતોની ખેતી સુકાઈ રહી છે. આજે ડભોઈના ઢોલાર ગામના સરપંચ સહિત ખેડૂતોએ વાઘોડિયા એમજીવીસીએલ કચેરીએ આ અંગે આવેદનપત્ર આપી તાત્કાલિક ધોરણે ખેડૂતોની ખેતી બચાવવા માટે અપીલ કરી હતી. ગ્રામજનોનો આક્ષેપ છે કે ઉનાળા દરમિયાન રીપેર કરવાના બહાના હેઠળ કોઈ કામગીરી કરવામાં આવી નથી હાલ એગ્રીકલ્ચરની લાઈન બંધ હોવાના કારણે ખેડૂતોની જમીન ફાટી ગઈ છે તિરાડો પડી ગઈ છે.

ડાંગરની રોપણી સુકાઈને પીળી પડી ગઈ છે જેથી ખેડૂતોને વિંગે સાત હજારનો ખર્ચો માથે પડશે તદ ઉપરાંત ફરીથી ડાંગરની રોપણી કરવાનો વખત આવશે એક તરફ વરસાદ ખેંચાયો છે અને બીજી તરફ એમજીવીસીએલ કચેરીના વીજ ધાંધિયાના કારણે ખેડૂતોની સ્થિતિ કફોડી બની છે. Mgvcl ને તમામ પ્રકારનો સહકાર આપવા અમે ગ્રામજનો સાથે છીએ પરંતુ વરસાદ ખેંચાતા ગરમી પડવાના કારણે ખેડૂતોની કમર તૂટી રહી છે. વ્યારા ફીડર પર ભવપુરા, કાગડીપુરા, ફલોડ, અંટોલી, કરમાલીયાપુરા સહિત ડભોઈના ભાયપુરા, ઢોલાર સહિતના 700 જેટલા વીઘામાં ખેતી નષ્ટ થવાના આરે છે. જોકે રજૂઆત સાંભળી તાત્કાલિક વાઘોડિયા એમજીવીસીએલના કર્મચારીઓ ખેડૂતો સાથે પરિસ્થિતિ જાણવા ગામડે પહોંચ્યા હતા.

## ઓડમાં જોખમી વીજ થાંભલાને ગ્રામજનોએ લાકડાનો ટેકો આપ્યો



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 13

છોટાઉદેપુર જિલ્લાના ઓડ ગામમાં મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ (MGVCL)ની ઘોર બેદરકારી ફરી એકવાર સપાટી પર આવી છે. ગામના એક ખેતરમાંથી પસાર થતી વીજ લાઈનનો થાંભલો અત્યંત જોખમી રીતે વાંકો વળી ગયો હોવા છતાં, તંત્ર દ્વારા તેને સીધો કરવા કે બદલવાની કોઈ તસ્દી લેવામાં આવી નથી. પરિણામે સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનો કટોકટીની સ્થિતિમાં જીવી રહ્યા છે.

લાંબા સમયથી નમી ગયેલા આ ભારેખમ વીજ થાંભલા અંગે રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી ન થતાં, અંતે ગ્રામજનોએ જાતે જ મોરચો સંભાળ્યો હતો. થાંભલો ગમે ત્યારે ધરાશાયી થઈને મોટી હોનારત ન સર્જે તે માટે સ્થાનિકોએ પોતાના ખર્ચે લાકડાના મજબૂત સાંબેલા લાવીને થાંભલાને હંગામી ટેકો આપ્યો છે. ચોમાસાની ઋતુમાં જો તેજ પવન કે ભારે વરસાદ થાય, તો આ ટેકો પણ નકામો સાબિત થઈ શકે છે અને લાઈવ વીજ વાયરો તૂટી પડવાનો ગંભીર ભય તોળાઈ રહ્યો છે. ગ્રામજનોમાં વ્યાપેલા આક્રોશનું મુખ્ય કારણ એ છે કે હજુ માત્ર ૨૨ દિવસ પહેલાં જ આ જ ઓડ ગામમાં ખુલ્લા વાયર અથવા ક્ષતિગ્રસ્ત વીજ માળખાના કારણે કરંટ લાગવાથી એક નિર્દોષ બાળકનું કરુણ મોત નીપજ્યું હતું.

---

બુટલેગર અને ગ્રામજનો વચ્ચેની મારામારીનો વિડિઓ વાયરલ

## જરોદના આઠ ગામોમાં વિદેશી દારૂ બંધ કરવાની માંગ સાથે વાઘોડિયા મામલતદારને આવેદનપત્ર



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.13

જરોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પૂર્વ પટ્ટીમાં ચાલતા દેશી વિદેશી દારૂના ધંધાને લઈ અડીરણ અને સિંહાપુરાના વિદેશી દારૂનો ધંધો કરતા બુટલેગરે કરમસીયા નર્મદા કેનાલ પર ગ્રામજનો સાથે કરેલી ગાળાગાળી અને મારામારીનો વિડિઓ વાયરલ થતાં પંથકમાં ચકચાર મચી છે. આક્રોશમાં આવેલા ગ્રામજનો એ આ વિસ્તારના આઠ જેટલા ગામોમાં દારૂ બાંધીની જોરશોરથી માંગ કરી છે. સાથેજ પોલીસ અને બુટલેગરો વચ્ચેની સાઠગાંઠની આશંકાએ સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જેને લઈ ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના લીરેલીરા ઉડાવતી આ ઘટનામાં, બુટલેગરની લુખ્ખાગીરી અને ગુંડાગીરી સામે હવે ગ્રામજનો મેદાને આવ્યા છે.

સિંહાપુરા અને અડીરણ વિસ્તારના બુટલેગરો દ્વારા કરમસીયા કેનાલ પર ખુલ્લેઆમ વિદેશી દારૂનું વેચાણ કરવામાં આવતા સ્થાનિક યુવાનો અને મહિલાઓ જ્યારે અહીંથી પસાર થાય છે ત્યારે બુટલેગરની ગેરકાયદેસર પ્રવૃત્તિનો વીડિયો સ્થાનિકો ઉતરતા હોય તેવી શંકા રાખી બુટલેગર અને તેના સાગરીતો ધ્વારા ગામના નિર્દોષ લોકોને ગાળો ભાંડી બેરહેમીથી માર માર્યો હતો. એટલુજ નહીં ભોગ બનનાર યુવાનો અને મહિલાને પણ મારમારતા ગ્રામજનો જરોદ પોલીસ સ્ટેશનમાં ન્યાયની આશાએ બુટલેગર વિરુદ્ધ રજૂઆત કરવા પહોંચ્યા, ત્યારે પોલીસે ભોગ બનનાર લોકોની FIR પણ નોંધી ન હતી. પોલીસના આવા નકારાત્મક વલણને કારણે ગ્રામજનો આશ્ચર્યચકિત અને અચંબો અનુભવતા આખરે ઉચ્ચ અધિકારીને રૂબરૂ મળી લેખિતમાં જાણ કરી હતી.

આઈટીઆઈમાં પ્રવેશ પહેલાં જાતિ પ્રમાણપત્રની ખરાઈના નવા નિયમોનો વિરોધ

## આદિજાતિ વિદ્યાર્થીઓના નવા પ્રવેશ નિયમો સામે પાવીજેતપુરમાં પ્રતીક ધરણાં

**નિયમો** પરત નહીં ખેંચાય તો 9 ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસનો બહિષ્કાર



(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.13

નિયામક શ્રી આદિજાતિ વિકાસ કચેરી દ્વારા અનુસૂચિત આદિજાતિના વિધાર્થીઓ માટે કોલેજો નર્સિંગ કોલેજો,આઈ ટી આઈ વગેરેમાં પ્રવેશ મેળવવા માટે નવા નિયમોને લઈને આદિવાસી સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર 12 6 2026 ના રોજ નિયામક શ્રી આદિજાતી વિકાસ કચેરી ગાંધીનગર દ્વારા આદિજાતિ વિદ્યાર્થીઓને કોલેજો વગેરેમાં એડમિશન પહેલા જાતિના દાખલાની ખરાઈ અંગેના નવા નિયમો વેબસાઈટ પર મૂકવામાં આવ્યા છે જેને લઈને આદિવાસી સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે નવા નિયમો ના વિરુદ્ધમાં પાવીજેતપુર તાલુકા પંચાયતના સદસ્ય અને સામાજિક કાર્યકર વિષ્ણુ રાઠવા એ પાવીજેતપુર તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપીને પાવીજેતપુર તાલુકા પંચાયત ખાતે પ્રતીક ધારણાની શરૂઆત કરી છે તેમના જણાવ્યા અનુસાર આ નિયમો પાછા લેવામાં નહીં આવે તો આદિવાસી સમાજના હજારો ઉમેદવારોનું ભવિષ્ય અંધકારમય બની જશે અને સરકારને કહ્યું હતું કે વહેલી તકે નવા નિયમો પાછા લેવામાં આવે. અને જો આ નિયમો પાછા લેવામાં નહીં આવે તો 9મી ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસનો પણ છોટાઉદેપુર જિલ્લામાં બહિષ્કાર કરીશું અને આગામી દિવસોમાં છોટાઉદેપુર જિલ્લા બંધ તેમજ સરકારી કોલેજો, શાળાઓ, હાઈસ્કૂલો, સરકારી કચેરીઓ ખાતે તાળાબંધી કરીને બહિષ્કાર કરવામાં આવશે.

### ભોજગામની સીમમાં જુગાર રમતા ૬ શખ્સ ઝડપાયા

પાદરા : વડુ પોલીસ સ્ટેશનની ટીમે ભોજગામ ગામની સીમમાં જયંતીભાઈ પટેલના ખેતર પાસે આવેલા નાળામાં લીમડાના ઝાડ નીચે જાહેર ખુલ્લી જગ્યામાં દરોડો પાડી જુગાર રમતા ૬ શખ્સોને ઝડપી પાડ્યા હતા.

પોલીસને મળેલી બાતમીના આધારે કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન આરોપીઓ પત્તા-પાના વડે રોકડ રકમ પર હારજીતનો જુગાર રમતા ઝડપાયા હતા. પોલીસે દાવ પર રહેલા રૂ.૩૨૬૦ તથા આરોપીઓની અંગઝડતીમાંથી મળેલા રૂ. ૭૭૦૦ મળી કુલ રૂ. ૧૦૯૬૦ રોકડા કબજે કરી હતી.

આ મામલે વડુ પોલીસ સ્ટેશનમાં જુગારધારા કલમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વન વિભાગ પાસે તાત્કાલિક કાર્યવાહી કરી દીપડાને પકડવાની ઉગ્ર માંગ ઉઠી

## જબુગામ- કુકણા- નાની તેજાવાવ વચ્ચે ફરી દીપડો દેખાયો: સ્થાનિકોમાં ભયનો માહોલ

**મોડી** રાત્રે રસ્તા પર ફરતો દીપડો મોબાઇલ કેમેરામાં કેદ; રહેણાંક વિસ્તાર નજીક હાજરીથી લોકોમાં ચિંતા



(પ્રતિનિધિ) બોડેલી, તા.28

કુકણા અને નાની તેજાવાવ, તથા જબુગામ જેવા ગામો વચ્ચેના જાહેર રસ્તા પર દીપડો દેખાતા સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છે. આ ઘટના બાદ વન વિભાગ દ્વારા દીપડાને પકડવાની માગ ઉઠી છે.ગઈકાલે રાત્રે લગભગ સાડા દસ 11 વાગ્યાના અરસામાં, નાની તેજાવાવ ગામના એક વ્યક્તિ કુકણાથી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. તે સમયે તેમણે રસ્તા પર દીપડાને ફરતો જોયો હતો. તેમણે આ દ્રશ્યને પોતાના મોબાઈલમાં કેમેરામાં કેદ કરી લીધું હતું.

છોટા ઉદેપુર જિલ્લામાં દીપડાઓની નોંધપાત્ર સંખ્યા જોવા મળે છે. ઘણીવાર આ દીપડાઓ માનવ વસ્તી તરફ આવી જવાની ઘટનાઓ પણ બને છે. કુકણા અને નાની તેજાવાવ વચ્ચેના વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી દીપડો ફરી રહ્યો હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

રહેણાંક વિસ્તારમાં દીપડાની હાજરીથી સ્થાનિકોમાં જાનમાલના નુકસાનનો ભય વ્યાપી રહ્યો છે. ગ્રામજનોએ વન વિભાગને તાત્કાલિક દીપડાને પકડીને સુરક્ષિત વિસ્તારમાં છોડી દેવા માટે કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.

## બોડેલી સેવાસદનનું શૌચાલય બિસ્માર, નાગરિકો પરેશાન

**દુર્ગંધ,** ગંદકી અને દરવાજા વિના શૌચાલયથી લોકોમાં રોષ



(પ્રતિનિધિ) બોડેલી, તા. 13

બોડેલી તાલુકા તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી દરરોજ મોટી સંખ્યામાં લોકો વિવિધ સરકારી કામકાજ માટે બોડેલી સેવાસદનની મુલાકાત લે છે. પરંતુ અહીં આવેલા પુરુષ શૌચાલયની હાલત અત્યંત બિસ્માર બની જતાં સામાન્ય નાગરિકો અને ગ્રામજનો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. મળતી માહિતી મુજબ સેવાસદનના પુરુષ શૌચાલયમાં લાંબા સમયથી દરવાજો જ નથી. જેના કારણે શૌચાલયનો ઉપયોગ કરનાર લોકોને ખાનગીપણાનો અભાવ અનુભવાય છે. ખાસ કરીને વડીલો અને દૂર-દૂરથી આવતા અરજદારો માટે આ સ્થિતિ અત્યંત અસુવિધાજનક બની છે. સરકારી કચેરીમાં આવનારા નાગરિકોને મૂળભૂત સુવિધા પણ યોગ્ય રીતે ઉપલબ્ધ ન હોવાના કારણે લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. જ્યારે પેસાબ કરવાનાં ટબ માં પાઈપ જ નાખેલી નથી જેથી કરીને પેશાબમાં છાંટા ઉડવાના અનેક બનાવો જોવા મળે છે સ્વચ્છ ભારત મિશન અને સ્વચ્છતાના દાવાઓ વચ્ચે સરકારી કચેરીના શૌચાલયની આવી સ્થિતિ અનેક પ્રશ્નો ઉભા કરી રહી છે.

સાંગમા કેનાલમાં મહિલાની હત્યાનો ૨૪ કલાકમાં ભેદ ઉકેલાયો

## સાંગમા ગામે વિધવા પ્રેમિકાની હત્યા કરનાર પ્રેમીની ધરપકડ

**હત્યા** કર્યા બાદ લાશને પાણીની કેનાલમાં ફેકી દીધી હતી

(પ્રતિનિધિ) પાદરા, તા.13

પાદરા તાલુકાના સાંગમા ગામની સીમમાં નર્મદા કેનાલમાંથી મળી આવેલી મહિલાની હત્યાનો ભેદ પોલીસે ગણતરીના સમયમાં ઉકેલી આરોપીની ધરપકડ કરી છે. આ ગુનામાં મૃતક મહિલા સાથે વડોદરાની સયાજી હોસ્પિટલમાં નોકરી કરતા સાગમાં ગામના રહેવાસી મહેશ ગણપત ચૌહાણની ધરપકડ કરવામાં આવી છે.

મૃતકની ઓળખ ભરૂચ જિલ્લાના પાલેજ ખાતે રહેતી પાર્વતી નરેશભાઈ ઠાકોર (ઉ.વ.૩૫) તરીકે થઈ હતી. પાર્વતીબેનના પતિનું ત્રણ માસ અગાઉ અવસાન થયું હતું અને તેમને બે પુત્રો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. પ્રાથમિક તપાસ દરમિયાન પોલીસે જાણવા મળ્યું હતું કે મૃતક મહિલા અને આરોપી મહેશ એક જ સ્થળે નોકરી કરતા હતા અને બંને વચ્ચે ઓળખાણ હતી. તપાસ દરમિયાન મહેશ પર શંકા જતાં તેની સઘન પૂછપરછ કરવામાં આવી હતી, જેમાં તેણે ગુનાની કબૂલાત કરી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે.

પોલીસ તપાસ મુજબ આરોપીને શંકા હતી કે મહિલા અન્ય વ્યક્તિઓ સાથે પણ સંપર્કમાં છે. આ શંકાને આધારે તેણે મહિલાને માતાજીના દર્શન કરાવવા જવાનું બહાનું બનાવી સાંગમાં ગામે બોલાવી હતી. બાદમાં મોડીરાત્રે તીક્ષ્ણ હથિયાર વડે તેની હત્યા કરી લાશને ગામ નજીકની નર્મદા કેનાલમાં ફેંકી દીધી હતી. નોંધનીય છે કે મૃતક મહિલાની લાશ આરોપીના ઘરથી અંદાજે ૫૦ મીટરના અંતરે મળી આવી હતી, જેના આધારે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

પોલીસ તપાસમાં વધુ એક મહત્વની બાબત સામે આવી છે કે આરોપી મહેશ ગણપત ચૌહાણ અગાઉ છેડતીના કેસમાં આશરે ત્રણ વર્ષ જેલમાં રહી ચૂક્યો છે. તે કેસમાં તેના ભાઈ સામે પણ ગુનો નોંધાયો હતો. હાલ પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે. આરોપીને રિમાન્ડ મેળવવા કોર્ટમાં રજૂ કરવાની તજવીજ કરવામાં આવી રહી છે.

## ગીતાંજલિ વિદ્યાલય વિવાદે નવો વળાંક: વિદ્યાર્થીઓ અને વાલીઓ મેદાને, ખોટા આક્ષેપો અટકાવવાની માંગ

**'શિક્ષકોને** ક્લીન ચીટ છતાં હેરાનગતિ કેમ?' ગીતાંજલિ વિદ્યાલયના વિદ્યાર્થીઓ-વાલીઓનો સવાલ

(પ્રતિનિધિ) પાદરા, તા.13

પાદરાની ગીતાંજલિ વિદ્યાલયના વિદ્યાર્થીઓ અને વાલીઓએ જિલ્લા કલેક્ટર, પોલીસ સુપરિન્ટેન્ડન્ટ (વડોદરા રૂરલ), જિલ્લા શિક્ષણ અધિકારી, ચાઈલ્ડ વેલ્ફેર અધિકારી અને પાદરા પોલીસ સ્ટેશનમાં લેખિત રજૂઆત કરીને શાળા અને શિક્ષકો સામે વારંવાર થતી ફરિયાદોના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ અને માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી રહી હોવાનું જણાવ્યું છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ જિલ્લા શિક્ષણ અધિકારીના માર્ગદર્શન હેઠળ વિવિધ અધિકારીઓ દ્વારા સમગ્ર મામલે અલગ-અલગ તબક્કે તપાસ કરવામાં આવી હતી. ઉપરાંત રૂબરૂ સુનાવણી અને ચકાસણી બાદ પણ શાળાના શિક્ષક પ્રદીપભાઈ રાઠોડ સામે કરવામાં આવેલા આક્ષેપોને સમર્થન આપતો કોઈ પુરાવો સામે આવ્યો ન હોવાનું અને તેમને ક્લીન ચીટ આપવામાં આવી હોવાનું રજૂઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓ અને વાલીઓએ વધુમાં જણાવ્યું છે કે છેલ્લા 8 થી 10 મહિનાથી શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સતત ફરિયાદો, તપાસો અને અન્ય રજૂઆતોના કારણે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. રજૂઆતમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે વિજયભાઈ ભોઈ દ્વારા કરવામાં આવેલી વિવિધ અરજીઓમાં અનેક મુદ્દાઓ અંગે ભિન્નતા જોવા મળે છે, છતાં વારંવારની ફરિયાદોના કારણે શાળાનું શૈક્ષણિક વાતાવરણ ખોરવાઈ રહ્યું છે.

### ટ્રસ્ટી હિરેન ગાંધીનું નિવેદન

ગીતાંજલિ વિદ્યાલયના ટ્રસ્ટી હિરેન ગાંધીએ જણાવ્યું કે, "અમારી સંસ્થાએ દરેક તપાસમાં સંપૂર્ણ સહકાર આપ્યો છે. સંબંધિત તમામ તપાસમાં શાળા અને શિક્ષકો સામે કોઇ ગેરરીતિ સામે આવી નથી. તેમ છતાં વારંવાર થતી ફરિયાદો અને સોશિયલ મીડિયામાં ચાલતા પ્રચારથી સૌથી વધુ નુકસાન નિર્દોષ વિદ્યાર્થીઓના અભ્યાસને થઈ રહ્યું છે. અમે તંત્ર પાસે માત્ર એટલી જ અપેક્ષા રાખીએ છીએ કે સમગ્ર મામલે તટસ્થ રીતે નિર્ણય લઈ વિદ્યાર્થીઓના હિતનું રક્ષણ કરવામાં આવે."